વિજ્ઞાન પ્રવાહ તૃતિય સેમેસ્ટરનું પરિણામ જાહેર

ચાલુ વર્ષે ઓકટોબરમાં લેવાયેલી સેમેસ્ટર-૩ની પરીક્ષામાં ગેરરીતિનો એક કેસ નોંધાયો હતો : ગ્રુપ-એમાં એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ૮૦૨ રહ્યા

અમદાવાદ, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૬માં લેવામાં આવેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩નું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.બહુવિકલ્પીય કસોટી અને ઓએમઆર પદ્ધતિ દ્વારા લેવામાં આવેલી સેમેસ્ટર-૩ની પરીક્ષામાં કુલ ૧૩૯૨૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૧૩૮૮૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાન પ્રવાહ તૃતિય સેમેસ્ટરમાં એ ગ્રુપના ૬૪૫૩૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૬૪૩૮૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. આવી જ રીતે બી ગ્રુપમાં ૭૪૭૦૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૭૪૩૯૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એ-બી ગ્રુપમાં ૨૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૨૩ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. ચાલુ વર્ષે ઓકટોબર-૨૦૧૬માં લેવામાં આવેલી સેમેસ્ટર-૩ પરીક્ષામાં ગેરરીતિનો એક કેસ નોંધાયો હતો. જેના કારણે પરિણામ અનામત રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના પર્સેન્ટાઈલ રેન્ક અને ગ્રુપ વાઈસ વિદ્યાર્થીઓની વાત કરવામાં આવે તો સેમેસ્ટર-૩માં ૬૪૩૮૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા જે પૈકી એ-૧ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૦૨ નોંધાઈ છે. જ્યારે એ-૨ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૭૮૭રહી છે.

બી-૧ ગ્રુપ મેળવનારની સંખ્યા ૭૧૬૧ જેટલી રહી છે. ગ્રુપ-એમાં વાત કરવામાં આવે તો આ આંકડા સ્પષ્ટપણે જાણી શકાય છે. જ્યારે ગ્રુપ બીમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૭૪૭૦૯ નોંધાઈ હતી જે પૈકી ૭૪૩૯૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. એ-૧ મેળવનાર ની સંખ્યા ૬૫૨ રહી છે. એ-૨ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૬૧૫ જેટલી નોંધાઈ છે. આવી જ રીતે માધ્યમની વાત કરવામાં આવે તો વિજ્ઞાન પ્રવાહ તૃતિય સેમેસ્ટરમાં ગુજરાતી માધ્યમમાં ૧૧૦૬૮૫ વિદ્યાર્થી નોંધાયા હતા. જે પૈકી ૧૧૦૩૩૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ગુજરાતી માધ્યમમાં ૭૯૭, એ-૨ મેળવનારની સંખ્યા ૫૨૦૪, બી-૧ મેળવનારની સંખ્યા ૧૧૬૪૫ અને બી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૩૪૮ નોંધાઈ છે. જ્યારે હિન્દી માધ્યમમાં નોધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૮૩ હતી જે પૈકી એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ માત્ર ૫ નોંધાયા છે. અંગ્રેજી માધ્યમમાં એ-૧ ગ્રેડ મેળવનારની સંખ્યા ૬૫૨ જેટલી નોંધાઈ છે.

પરીક્ષામાં ઉપસ્થિત ૨૬૨૩૩ વિદ્યાર્થીઓ રહ્યા હતા. ૯૯થી ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર ઉમેદવારોના ગ્રુપ-એની સંખ્યા ૬૭૪ નોંધાઈ છે. જ્યારે ગ્રુપ-બીની સંખ્યા ૭૫૬ નોંધાઈ છે. તમામ થિયરી સબ્જેક્ટમાં આ ઉમેદવારો નોંધાય છે.

ધનસુરા રેફરલ હોસ્પિટલમાં ઠાકોરજીની પૂજા બંધ : ધર્મપ્રેમી જનતામાં ઉગ્ર રોષ

ધનસુરા, તા. ૧૯

ધનસુરા રેફરલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય વર્ષથી હોસ્પિટલમાં પ્રવેશદ્વાર આગળ બન્ને સાઈડ મંદિરમાં ધનસ્યામજી અને કૃષ્ણ ભગવાનની મૂર્તિની સેવા પૂજા થતી હતી. શ્રદ્ધાળુઓ દર્શન પણ કરતા હતા પરંતુ છેલ્લા એક વર્ષથી આ પ્રવેશદ્વારની મૂર્તિઓની સેવા-પૂજા બંધ થતાં દર્દીઓ અને ધર્મપ્રેમી જનતામાં ઉગ્ર રોષ પ્રવર્તે છે.

સત્વરે આ હોસ્પિટલમાં પુનઃ સેવા-પૂજા ચાલુ થાય તે માટે અનેકવાર રજુઆત કરવા છતાં ધર્મપ્રેમી જનતામાં ઉગ્ર રોષ પ્રવર્તે છે. સત્વરે હોસ્પિટલમાં પૂજા શરૂ થાય તેની માંગ ધર્મપ્રેમી જનતાએ કરી છે.

મહેસાણા જિલ્લામાં કડી પ્રાંત કક્ષાથી પ્રગતિ સેતુ કાર્યક્રમનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૯

રાજયના વહિવટમાં ગતિશીલતા, પારદર્શિકતા તથા સંવેદનશીલતાની અનુભૂતિ પ્રજાને થઈ શકે તેમજ પ્રજાની સામુહિકલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે હેતુથી પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે.મહેસાણા જિલ્લામાં પ્રગતિ સેતુના કાર્યક્રમનો પ્રારંભ કડી પ્રાન્ત કક્ષાએથી કરવામાં આવ્યો હતો કડી ટાઉન હોલ ખાતે જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કડી ખાતે યોજાયેલ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ૪૦ થી વધુ સામુહિક પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કડી પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે નાગરિકોને સ્પર્શતી સામુહિક રજુઆતોનો સ્થળ પર ઉકેલ આવી શકે તેમજ વહીવટી ગતિશીલતા અને પારદર્શીતા તથા સંવેદનશીલતા અનુંભુતિ પ્રજાને થઈ શકે તે હેતુંથી જિલ્લામાં પ્રગતિ સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જિલ્લાના અધિકારીઓએ પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે સંવેદન થવું જરૂરી છે. અધિકારીઓ પ્રજા હિતમાં પ્રજાની સુખાકારી માટે કામ કરે તે જરૂરી છે. પ્રગતિ સેતુ કાર્યક્રમની સફળતા નાગિરકોના પ્રશ્નોનું હકારત્મક નિરાકરણ છે.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોનો સ્થળ પસંદગી કેમ્પ પાલનપુર ખાતે યોજાશે

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હસ્તકની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તથા કેન્દ્રીયકૃત ભરતી અંતર્ગત નિયામકશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર ધ્વારા ફાળવી આપવામાં આવેલ ઉમેદવારોનો સ્થળ પસંદગી કેમ્પ, પાલનપુર ખાતે સરકારી માધ્યમિક શાળા, ડેરી રોડ, પાલનપુર ખાતે ૨૨-૧૧-૨૦૧૬ થી ૨૪-૧૧-૨૦૧૬ દરમ્યાન સવારે-૧૦.૩૦ વાગ્યાથી યોજાશે. ૨૨ નવેમ્બર ૨૦૧૬ના રોજ અંગ્રેજી, નામું, ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિષયના ઉમેદવારોએ હાજર રહેવાનું રહેશે. ૨૩ અને ૨૪ ના રોજ બાકીના તમામ વિષયોના ઉમેદવારો હાજર રહેશે.

પસંદગી કેમ્પમાં આવનાર ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો, ટાટ પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, અનામત કેટેગરીનું સક્ષમ અધિકારીનું અસલ પ્રમાણપત્ર, બક્ષીપંચના કિસ્સામાં અરજીના વર્ષનું ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું (નોન ક્રિમિલેયર) પ્રમાણપત્ર, અનુભવનું પ્રમાણપત્ર, ઓનલાઈન કરેલ અરજી, ફી ભર્યાનું ચલન, સાચા પ્રમાણપત્રો અને યોગ્ય માહિતી અંગેનું સોગંદનામું તથા અન્ય જરૂરી આધારો અસલ તથા ઝેરોક્ષ પ્રમાણિત નકલ સાથે સમયસર હાજર રહેવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા, પાલનપુર ધ્વારા જણાવ્યું છે.

પાલનપુર મુકામે કલેકટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૯

પાલનપુર મુકામે કલેકટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરીયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સેવા સેતુ અને પ્રગતિ સેતુ કાર્યક્રમમાં કરવામાં પ્રશ્નોના નિકાલ અંગે, સરકારશ્રીની વિવિધ કચેરીઓમાં આવેલ અરજીઓના નિકાલ અંગે, સંસદસભ્ય ધારાસભ્યોના બાકી પ્રશ્નોના નિકાલ અંગે, પેન્શન કેસોના નિરાકરણ અંગે, ખાતાકીય તપાસના બાકી કેસો અંગે, તપાસણી નોંધના બાકી પેરાના નિકાલ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં કલેકટર જેનુ દેવને જણાવ્યું હતું કે સેવા સેતુ કાર્યક્રમમાં લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહે છે અને લોકોના પ્રશ્નોનું સ્થળ ઉપર જ નિરાકરણ આવે છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બેંક બહાર થયેલી ભીડને ઠંડા પાણીના પાઉચનું વિતરણ

સરકારે મોટી નોટ બંધ કર્યાના દસમા દિવસે પણ લોકોની હાલાકી અને પરેશાનીમાં ઘટાડો થયો નથી. ૧૦મા દિવસે પણ લોકો રૂપિયા જમા કરાવવા અને સીનીયર સીટીઝન રૂપિયા બદલાવવા માટે લાંબી લાઈનોમાં ઉભા રહેલા નજરે પડે છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ૧૦ થી વધુ નેશનલાઈઝડ બેંકોની શાખાઓ હોવા છતાં લાંબી લાઈનની કતારો ઠેરના ઠેર જોવા મળે છે. જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચાર રસ્તા નજીક આવેલી સ્ટેટ બેંકમાં રૂપિયા બદલાવવા અને જમા કરાવવા આવેલા લોકોને પાણીના પાઉચ વિતરણ કરી મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા પ્રજાજનોએ આવકાર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ મંત્રી વનરાજસીંહ રાઠોડ, અનુ. જાતિના પ્રમુખ નિકુંજ પરમાર, મોડાસા શહેર સમિતિના હસમુખ પટેલ, રાજુભાઈ પ્રણામી સહિતના કાર્યકરો કોંગ્રેસના ધ્વજ સાથે ખડેપગે ઉભા રહી લાઈનમાં ઉભેલી ભીડને પાઉચનું વિતરણ કર્યું હતું.

કંપની સમાચાર

સીપીએલ બાયોલોજિકલ્સે રજુ કરી કેડિફ્લુ-એસ, સિઝનલ ઈન્ફ્લુએન્ઝા માટે વાઈરસ લાઈફ પાર્ટિકલ આધારિત દુનિયાની સૌપ્રથમ રસી

ભારતની કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ અને અમેરિકાની નોવાવેક્સ ઈન્કોર્પોરેશનના સંયુક્ત સાહસમાં રચાયેલી બાયોટેકનોલોજી કંપની સીપીએલ બાયોલોજિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ સિઝનલ ઈન્ફ્લુએન્ઝા માટેની સ્વદેશી રીતે 'કેડિફ્લુ-એસ' રસી વિકસાવનારી ભારતમાં પ્રથમ કંપની બની છે. ભારત સરકારના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને સમર્થન આપી અમદાવાદની આ કંપનીએ 'કેડિફ્લુ-એસ' લોંચ કરી છે, જે દુનિયામાં પ્રથમ વાઈરસલાઈક પાર્ટિકલ્સ ટેકનોલોજી આધારિત ઈન્ફ્લુએન્ઝા રસી પણ છે. કંપનીએ રૂ. ૧૦૦ કરોડના પ્રારંભિક રોકાણ સાથે ગુજરાતમાં અમદાવાદ નજીક ધોળકામાં રસીની સુવિધા સ્થાપિત કરી છે. તેના પ્લાન્ટની ક્ષમતા દર વર્ષે ૨૫ મિલિયન ડોઝ રસી પેદા કરવાની છે.

'કેડિફ્લુ-એસ' કોઈ વાઈરસ ધરાવતી નથી અને મોટી ટેકનોલોજીકલ સિદ્ધિ છે, કારણ કે તે રસી ગ્રહણ કરનાર વ્યક્તિને કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનની શક્યતાને સંપૂર્ણપણે દૂર કરે છે. અન્ય ઉપલબ્ધ રસીઓમાં હાજર વિવિધ પ્રકારના વાઈરસ માનવશરીરમાં અનેકગણા થઈ જાય છે, જેથી રસીથી જ રોગ થવાનું જોખમ પેદા થાય છે પણ વીએલપી આધારિત રસી ઈંડાના કોઈ પ્રોટિન્સ, એન્ટિબાયોલોટિક્સ કે પ્રીઝર્વેટિવ્સ ધરાવતી નથી, જેથી એલર્જિક લોકોને મોટી રાહત મળી છે.

આ લોંચ પર ટિપ્પણી કરતાં કેડિલા ફાર્માસ્યુકિલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. રાજીવ મોદીએ કહ્યું હતું કે, ''કેડિફ્લુ-એસ'ની સફળતા પર અમે બીજી રસીઓ લોંચ કરીશું, જેમાં કેટલીક દુનિયામાં પ્રથમ છે, જેમાં વીએલપી અને નેનોપાર્ટિકલ્સ જેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ થયો છે. વીએલપી ટેકનોલોજી અમને મોટો ફાયદો પ્રદાન કરે છે, કારણ કે નવા પ્રકારની રસી વિકસાવવામાં ફક્ત ૧૨ થી ૧૪ અઠવાડિયા લાગે છે, જ્યારે પરંપરાગત રસી વિકસાવવામાં ૨૪ થી ૩૨ અઠવાડિયા લાગે છે. જો ભવિષ્યમાં જરૂર પડશે તો અમે એચ૭ એન૯ જેવી ફ્લુ પ્રકારની અન્ય રસી લોંચ કરી શકીએ અને તે પણ પરંપરાગત રસીઓની સરખામણીમાં વધુ ઝડપ સાથે.'

ગુજરાતમાં પ્લાસ્ટિક ઉદ્યોગ ૨૦ ટકા વૃદ્ધિ કરી ૯૦ હજાર કરોડનો બનવા સજ્જ

પ્લાસ્ટિક ઉદ્યોગ દેશના અર્થતંત્ર, વિકાસ અને વિવિધ મુખ્ય ક્ષેત્રોની વૃદ્ધિમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. આ ક્ષેત્રોમાં ઓટોમોટિવ, કૃષિ, ઈલેક્ટ્રોનિક્સ, નિર્માણ, હેલ્થકેર, ટેક્સટાઈલ્સ, એફએમસી વગેરે સામેલ છે. તે ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતા ઉદ્યોગોમાં સામેલ છે. પ્લાસ્ટિક ઉદ્યોગ ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, ડિઝિટલ ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન વગેરેની સફળતામાં મોટા પાયે પ્રદાન કરે છે. ગુજરાતમાં પ્લાસ્ટિક ઉદ્યોગનું ચિત્ર જોઈએ તો ગુજરાત સંપૂર્ણ પ્લાસ્ટિક ઉદ્યોગમાં મોટું પ્રદાન કરે છે. જ્યારે વૈશ્વિક સ્તરે ભારત પોલીમરનો ત્રીજો સૌથી મોટો વપરાશકર્તા દેશ છે અને ચીન બીજો સૌથી મોટો વપરાશકર્તા દેશ છે, ત્યારે અમેરિકા દર વર્ષે ૨૫ મિલિયન ટન પોલીમરના વપરાશ સાથે ટોચનું સ્થાન ધરાવે છે. આજે પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૧૮ના ઔપચારિક લોંચમાં પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રેસિડન્ટ કે.કે. સેક્સરિયાએ કહ્યું હતું કે, ''ભારતમાં દર વર્ષે અંદાજ માથાદીઠ અંદાજે ૧૦ કિલોગ્રામનો વપરાશ છે અને વિશ્વમાં પ્લાસ્ટિકનો સરેરાશ માથાદીઠ વાર્ષિક વપરાશ ૨૫ કિલોગ્રામથી વધારે છે. સ્માર્ટ સિઝીટ, ઝડપી શહેરીકરણ, રિટેલ અને ઈકોમર્સ માધ્યમ મારફતે પેકેજ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ, ઓછા માથાદીઠ વપરાશ, ઉપભોક્તાની જીવનશૈલીમાં પરિવર્તન, યુવાનોની મોટી સંખ્યા, મધ્યમ આવક ધરાવતા વસતિજૂથોની બહુમતી, પ્લાસ્ટિકની ઊંચી ટકાવારી ધરાવતા ઘણા ઉત્પાદન સેગમેન્ટસ વગેરે પ્લાસ્ટિક ઉદ્યોગની વૃદ્ધિ માટે પ્રદાન કરે છે.

અવસાન નોંધ

ધનસુરાના વરિષ્ઠ પત્રકાર વસંતભાઈ મહેતાના મોટીબેન લલીતાબેન મોહનલાલ શાહ (આકરૂંદવાળા)નું ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો.

કેજરીવાલ દેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો સુધી સંદેશો પહોંચાડવામાં આવશે કે કેન્દ્રના નિર્ણયથી સરકારને કેટલી તકલીફ થઈ રહી છે. કેજરીવાલે બુધવારના દિવસે આઝાદપુર મંડીમાં મોટી રેલી યોજી હતી અને કેન્દ્ર સરકારને નોટ ઉપર પ્રતિબંધના નિર્ણયને પરત ખેંચી લેવા માટે અલ્ટીમેટ પણ આપ્યું હતું. કેજરીવાલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે આ નિર્ણય પરત લેવામાં આવશે નહીં તો દિલ્હી સહિત સમગ્ર દેશમાં સામાન્ય લોકો સંઘર્ષ કરશે. શુક્રવારના દિવસે પણ આ મામલા પર કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કરાયા હતા.

ફરી ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સપ્ટેમ્બર મહિનાના અંતમાં ભારતીય સેના દ્વારા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સર્જિકલ હુમલા કરવામાં આવ્યા બાદથી એક પછી એક યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરાઈ રહ્યો છે. જેમાં સુરક્ષા જવાનો સહિત ૧૪થી વધુના મોત થઈ ચુક્યા છે. ૨૦૦થી પણ વધુ વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવી ચુક્યો છે. યુદ્ધ વિરામના ભંગ સતત જારી રાખવામાં આવ્યા બાદ સેનાએ કહ્યું છે કે ભારતીય સુરક્ષા જવાનો યોગ્ય જવાબ આપા માટે તૈયાર છે.

પાકિસ્તાની સેનાએ ૧૨૦ એમએમ મોર્ટારનો ઉપયોગ કરીને સુંદરબાની સેકટરમાં ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના ગોળીબાર નાગરિક વિસ્તારમાં થતા લોકોમાં દહેશત ફેલાઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને ઘુસાડવાના હેતુસર પાકિસ્તાનની સેના દ્વારા વારંવાર ગોળીબાર કરવામાં આવે છે.

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

જ કવિનો અંદરનો આત્મા ગામ જવાની હઠ પકડે છે. પણ શહેરી અધ્યાપક વિદ્વાન કવિ એ ભોળા ગ્રામાત્માને સમજાવે છે કે ત્યાં કશું જ નથી. ગામ જવાની હઠ છોડી દે. હવે ત્યાંનું આખું વિશ્વ બદલાઈ ગયું છે.

ગ્રામ સંસ્કારનો નાળ સંબંધ જયારે વિચ્છેદાય છે ત્યારે આવી પીડા, આવો ઝૂરાપો અનુભવાય છે. કવિએ ભલે બાહ્ય રીતે ગામડું છોડી દીધું હોય પણ એમનો આત્મા હજીએ એ ગામની માટીમાં જ ધબકે છે. આખું ગ્રામવિશ્વ કવિની આસપાસ જ ધબકે છે. કવિ કશું જ ભૂલી શક્યા નથી કે છોડી શક્યા નથી એ ભલે જાતને કહેતા હોય કે 'ગામ જવાની હઠ છોડી દે'

ભાષા અને લયની દંષ્ટિએ ગીત એકદમ સરળ છે ગ્રામભાષાના વિસરાતા જતા શબ્દો 'ચોરો, પાળિયા, ગોખલો, આળિયા, ઓકળી, પાદર, સીમ, કેડી, અંજળ, વેણ, રાયણ, મહુડો, નેળિયા, રોટલો...' વગેરે આ કાવ્યના વતન ઝૂરાપાના ભાવવૈભવને આસ્વાદક બનાવે છે. અને આવતી પેઢી માટે આ તળપદા શબ્દો યુગો સુધી સચવાશે એની પ્રતીતિ કરાવે છે.

આ ગીત કાવ્યમાં કોઈને ગઝલની છાંટ દેખાય પણ પ્રત્યેક બે પંક્તિએ કાફિયા નવા છે. રફીક એક હોવા છતાંય એ ગઝલ નહીં પણ ગઝલસ્પર્શી ગીત કહી શકાય. 'ગાગા' ના આઠ આવર્તનોમાં લયબદ્ધ થયેલું આ ગીત એક જ પ્રવાહમાં વહેતું હોવાથી એની તાલબદ્ધતા અને ભાવબદ્ધતા અખંડ રીતે ભાવકોના ચિત્તમાં સંપ્રેક્ષિત થાય છે. એનો મૂળ ભાવ વતન ઝૂરાપાનો છે. પીડાનો છે પણ લય માધુર્ય હોવાથી એ આપણને આનંદ આપે છે અને સાથોસાથ આપણીસામે 'ગામ છોડ્યાની વેદના ની પીડાનો એક એક પ્રશ્નાર્થ પણ મૂકી જાય છે.

- 9426060601.india@gmail.com

રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

વેચાણની અને વેપારીઓને લગ્નસરાની સીઝન આવી પહોચી છે. નવી કરન્સીની કદાચ અછત નહિ જ હોય પણ એને દેશના ખૂણેખૂણે પહોચાડવાનું તંત્ર હજુ પરફેક્ટ નથી એ હકીકત છે. સરકાર પણ કદાચ આનું આકલન કરવામાં ક્યાંક ને ક્યાંક કાચી પુરવાર થઈ છે. જો કે હજુ ઘણો સમય બાકી છે આ પ્રક્રિયામાં અને સરકારને વિશ્વાસ છે કે બધું સ્મુધ થઈ જશે. અહી સરકારનો બચાવ કરવાનો કોઈ ઈરાદો નથી પણ વિશ્વના અનેકો દેશોએ સમયાંતરે બ્લેક્મની નાથવા માટે આ જ કીમિયો અજમાવેલો છે અને રશિયા જેવા એકાદ દેશને બાદ કરતા મહતમ સફળ પણ થયા છે.સી, રાજકારણ એની જગ્યાએ છે અને રાજકારણીઓ તો એમનો જ રોટલો શેકવાના છે પણ મજાની વાત એ છે કે લાઈનમાં ઉભેલો સામાન્ય નાગરિક એ વાત બરાબર સમજી ગયો છે કે ઈમાનદારને આમાં થોડી હાલાકી હોવા છતાં કોઈ જ નુકશાન નથી અને બેઈમાનો લાંબે ગાળે છટકી શકે એમ નથી. આપણે એ જ તો ઈચ્છીએ છીએ વર્ષોથી...હે કે નહિ ?

ભારત જુગાડું દેશ છે અને બેઈમાનો આવે ટાઈમે જાતજાતના જુગાડ કરી જ લેવાના એટલી ખબર આપણને પડે છે તો શું સરકારને એટલી અક્કલ નહિ હોય? પણ સરકારે છતાયે દેખીતા છીંડાવાળી અમુક છૂટછાટો જ એટલા માટે આપી છે કે જેનો લાભ ઈમાનદાર લઈ શકે પણ વાત જયારે મક્કમતાથી નકલી/કાળાનાણાને ઉઘાડા પડવાની હોય ત્યારે અમુક હદથી વધુ છૂટ શક્ય ના જ હોય. ચાલો આપણે પણ માનીએ છીએ કે એમ કઈ કાળાનાણાનું આ વિષચક્ર સદંતર નાબુદ તો નથી જ થવાનું પણ આ વખતે માસ્ટરસ્ટ્રોક એ છે કે કાળાનાણાને સફેદ કરવાના સંઘરાખોરોના લગભગ બધા જ ઉધામાઓ સામે સરકારે 'ચેક મેટ' જેવા મુવ લેવા માંડ્યા જ છે , 'કોઈ બચ નહિ પાયેગા...!' સરવાળે જે કાળાનાણાની અર્થવ્યવસ્થા સમાંતર ચાલતી હતી એમાં ગાબડું પણ પડવાનું અને બ્રેક પણ લાગવાની અને એનાથી દેશને, મને અને તમને કેટલો ફાયદો થશે (જે સ્યોર થવાનો જ છે) એ તો આવનારો સમય જ બતાવશે પણ જો વિશ્વના અને ભારતના અર્થશાસ્ત્રીઓની વાત સાચી માનીએ તો આખીયે પ્રક્રિયા પૂરી થયા પછીથી બ્લેક્મની/ફેકકરન્સીનું દેશને કોરી ખાતુ કેન્સર કદાચ સાવ ધડમૂળમાંથી નહિ તો પણ આવનારા ઘણા વર્ષો સુધી નિષ્ક્રિય તો થઈ જ જવાનું...! હોપ ફોર ધ બેસ્ટ...!

તોળાતા પગલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવકવેરા વિભાગે હજુ સુધી દિલ્હી એનસીઆરના કેટલાક મોટા બિલ્ડરો, બ્રોકિંગ હાઉસ સહિત બેંગલોર, મેરઠ, અલ્હાબાદ અને લખનૌ સહિત દેશના જુદા જુદા ભાગોમાં માહિતી એકત્રિત કરવા માટે સર્ચ કામગીરી હાથ ધરીછે. વિભાગ તરફથી આ બિલ્ડરોની પાસે રહેલી વર્તમાન રોકડ રકમ અને અને સ્ટોક્સની તપાસ હાથ ધરી છે. આઠમી નવેમ્બરના દિવસ બાદ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ખપાવી દેવા માટે ડીલ કરવામાં આવી હતી કે કેમ તે મામલે તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં સરકાર દ્વારા જુદાજુદા પગલા યુદ્ધના ધોરણે લેવામાં આવી રહ્યા છે. હવે બિલ્ડરો પર તવાઈ આવનાર છે. છેલ્લા ત્રણ દિવસના ગાળામાં આવકવેરા વિભાગના અધિકારીઓએ નોઈડાના એક મોટા બિલ્ડરને ત્યાં સર્વેની કામગીરી હાથ ધરી છે. અધિકારીઓએ પોતે ગ્રાહક બનીને બિલ્ડર સાથે વાત કરી હતી. જેમાં અનેક નવી લેવડ દેવડમાં જૂની નોટોને કેશમાં ખપાવી દેવાની વાત કરી હતી. આ ઉપરાંત નોઈડાના જ અન્ય બે બિલ્ડરો પર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રકારના સર્વે બેંગલોરમાં પણ કરવામાં આવ્યા હતા. જ્યાં એક બિલ્ડર પાસે ૧૨ કરોડથી વધુની બિનહિસાબી સંપત્તિ મળી આવી છે. મોટા શહેરોમાં આ પ્રકારની ઝુંબેશ હાથ ધરવામાં આવી ચુકી છે. જ્વેલર્સ બાદ હવે બિલ્ડરો સામે પણ જોરદાર સપાટો બોલાવવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે.

તુ તુ મેં મેં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસ આ બધી વાતો પછી મામલો બરાબર ગરમાયો હતો અને ભાજપના નેતાઓ સામ સામે બાંયો ચડાવી તુ તુ મૈ મૈ પર ઉતરી આવ્યા હતા.

મેયર પ્રવિણ પટેલે મામલો ગરમાવો પકડતાં અને પરિસ્થિતિ વણસે તે પહેલાં જ સભા બરખાસ્ત કરવાની જાહેરાત કરી દીધી હતી.

આ પછી ભાજપના કાઉન્સીલરો વચ્ચેનું શાબ્દીક યુદ્ધ મેયરની ચેમ્બરમાં પણ ખેલાયુ હતુ અને વાત બહાર જાય નહિ તે માટે મેયરની ચેમ્બર અંદરથી બંધ કરી દેવામાં આવી હતી. ભાજપના સભ્યો વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીને લઈ શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર પટેલ મનપાની કચેરીમો દોડી આવ્યા હતા. ભાજપના સભ્યોમાં પ્રવર્તતી જૂથબંધીને લઈ સમગ્ર સંગઠ્ઠન હવે ચિંતાતુર બન્યું છે.

આરોગ્યની ચકાસણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન બાળકોને આંખ, ચામડી, આંત્રકૃમિ સહિતના અન્ય રોગ જણાય તો પણ તેમને સારવાર આપવામાં આવે છે. નાક-કાન-ગળામાં જરૂર જણાય તો ઓપરેશન પણ કરી આપવામાં આવે છે. હૃદય-કિડની અને કેન્સર જેવા ગંભીર રોગના બાળ દર્દીઓની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

જિલ્લામાં ગત વર્ષે ૬૦ જેટલી ટીમો હતી પરંતુ આ વખતે તેમાં પાંચનો વધારો કરવામાં આવ્યો છે. ત્રણ હજાર જેટલા આરોગ્ય કર્મીઓ જિલ્લાના આ કાર્યક્રમમાં સોમવારથી જોતરાશે. સંદર્ભ સેવા પાત્ર બાળકોને અલગ નિષ્ણાતો દ્વારા ચકાસણી કરી અને સરકાર દ્વારા સારવાર આપવામાં આવે છે.

જિલ્લામાં બાળપણ બિમાર ના રહે તે માટે આયર્ન ટેબ્લેટ્સ પણ બાળકોને અપાશે તેમજ કિશોરીઓને પણ તેનું વિતરણ કરવામાં આવશે. શાળાએ ન જતા ૧૮ વર્ષના યુવાનોની પણ ચકાસણી પણ આરોગ્યની ટીમ દ્વારા કરવામાં આવશે.

ફોરલેન કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ થાય તેમ છે. હાલ આ માર્ગ ૭ મીટર પહોળો છે. જયારે આ માર્ગને ફોરલેન કરવામાં આવે તો ગિફ્ટ સિટીને જોડતા માર્ગનો વાહનવ્યવ્હાર વધુ સરળ થશે. શહે